**ખાનગી**
**તાત્કાલિક.**

ભારતના બંધારણની કલમ–૩૧૧(૨)(બી) અન્વયે
પગલા લેવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપીડીઈ/૧૮૦૩/૧૯૮૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨–૧૨–૨૦૦૩.

**પ રિ પ ત્ર:–**

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાંક કિસ્સાઓમાં શિસ્ત અધિકારીઓ ધ્વારા પોલીસ કર્મચારીઓને ગેરહાજરીના કારણોસર ભારતના બંધારણની કલમ–૩૧૧(૨)(બી) અન્વયે બચાવની તક આપવી જરુરી નથી તેવું જણાવી નોકરીમાંથી "કમી" કરવામાં આવે છે.કોઈ કર્મચારીને નોકરીમાંથી કમી જેવી અંતિમકક્ષાની શિક્ષા કરવાની હોય, ત્યારે કસુરદારને બચાવની તક આપવાની રહે તથા નિયમો અનુસારની વિગતવાર ખાતાકીય તપાસ કરવાની રહે છે. ભારતના બંધારણની કલમઃ૩૧૧(૨)(બી)ની જોગવાઈ નો ઉપયોગ નીચે દર્શાવેલ કિસ્સાઓમાં કરવાનો રહે છે.

(૧) જયાં વર્તણુંકને કારણે ગુનાહિત તહોમતમાં (ફોજદારી ગુન્હાના તહોમતમાં ) દોષિત ઠરેલા સરકારી કર્મચારીને વર્તણુક સબબ શિક્ષા કરવાની હોય અથવા

(૨) જયાં લખીને બતાવેલા કારણોસર સદરહુ નિયમોમાં નિયત કરેલ પધ્ધતિ અનુસરવી વાજબી રીતે વ્યવહારુ નથી, એવા મતલબની શિસ્ત અધિકારીને ખાતરી થાય, અથવા

(૩) જયાં રાજયની સલામતીની દૃષ્ટિએ આવી કાર્યપધ્ધતિ અનુસરવી ઈષ્ટ નથી, એવી સરકારને ખાતરી થાય."

૪. ઉપરોકત હકીકતે, શિસ્ત અધિકારીઓ ધ્વારા ભારતના બંધારણની કલમઃ૩૧૧(૨)(બી)ની જોગવાઈઓનો ઉપયોગ યોગ્ય કિસ્સામાં કરવામાં ન આવે તો તેવા કેસો ન્યાયની અદાલતમાં ટકી શકે નહી અને સરકારશ્રીને કર્મચારીની સેવાઓનો ઉપયોગ કર્યા વગર બેક વેઈજીસ ચુકવવાની શકયતા રહે તથા કોર્ટની ટીકાઓનો સામનો પણ કરવાની શકયતા રહે. વળી આવા હુકમો સામે અપીલ/રીવીઝન અપીલ થવાના કારણે કામનું ભારણ બિનજરુરી રીતે વધે. કોર્ટના ચુકાદાઓ ના આધારે એવુ પણ માલુમ પડેલ છે કે પોલીસ કર્મચારીની બિનઅધિકૃત ગેરહાજરીના કિસ્સામાં નામ. કોર્ટે બરતરફ કે કમી જેવી શિક્ષા રદ કરી પુનઃ ફરજ પર લેવાના હુકમો કરેલ છે. હવે જો ભારતના બંધારણની જોગવાઈ ધ્યાને લઈને બિન અધિકૃત ગેરહાજરીના કિસ્સામાં કસુરદારને બચાવની વ્યાજબી તક આપ્યા સિવાય સીધા "કમી" કે "બરતરફ" કરવામાં આવે તો શિક્ષાની કાર્યવાહી યોગ્ય ગણી શકાય નહી. આથી નિયમ–૩૧૧(૨)(બી)ની જોગવાઈનો ઉપયોગ યોગ્ય કિસ્સામાંજ કરવામાં આવે તે માટે પોલીસ ખાતાના સર્વે શિસ્ત અધિકારીઓને જણાવવામાં આવે છે..

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.ડી. ચાવડા )
ઉપસચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર.
ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
સર્વે રેન્જ આઈજીપી
સર્વે પોલીસ કમિશ્નરશ્રી/ સર્વે નાયબ પોલીસ કમિશ્નરશ્રી
સર્વે પોલીસ અધિક્ષકશ્રી
સર્વે સેનાપતિશ્રી,રાજય અનામત પોલીસ દળ